# મેડ ઇન ગુજરાતને પ્રોત્સાહન માટે સોલાર પાવર પોલીસી જાહેર કરાઇ

## સોલાર પોલીસીથી પાવર કોસ્ટ ૪.૫ રૂપિયા જેટલી આવશે : રાજ્યના નાના અને મોટા ઉદ્યોગકારોને ખુબજ લાભ થશે, વીજળીના ભાવમાં ફાયદો થશે : હાલમાં ઉદ્યોગોને આઠ રૂપિયા પ્રતિ યુનિટ દીઠ વીજળી મળે છે

ગાંધીનગર, તા. ૨૯

ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આજે સોલાર પાવર પોલિસી ૨૦૨૧ની જાહેરાત કરી. આ પોલિસી આગામી પાંચ વર્ષ સુધી અમલી રહેશે. મુખ્યમંત્રીના કહેવા પ્રમાણે આ પોલિસીને કારણે ગુજરાતના નાના અને મોટા ઉદ્યોગકારોને ખૂબ ફાયદો થશે. આ પોલિસીને કારણે ઉત્પાદન ખર્ચ ઓછો આવશે. નવી પોલિસીથી પાવર કોસ્ટ લગભગ ૪.૫ રૂપિયાની આસપાસ આવશે. હાલ ઉદ્યોગોને આઠ રૂપિયા પ્રતિ યુનિટ લેખે વીજળી આપવામાં આવી રહી છે. આ પોલીસી આવતાની સાથે મેડ ઈન ગુજરાત વિશ્વભરમાં છવાશે.

આ પ્રસંગે સીએમ રૂપાણીએ કહ્યું કે, ગુજરાત સોલાર પાવર પોલિસી ૨૦૨૧થી ઉદ્યોગોની પાવર કોસ્ટ નીચી આવશે, ગુજરાતની પ્રોડક્ટને દૂનિયામાં સ્થાન મળશે, આપણા ઉદ્યોગો વધુ ધમધમતા થશે જેનાથી વધુ પ્રમાણમાં રોજગારીનું સર્જન થશે. એટલે કે ઉદ્યોગોની સાથે સાથે સામાન્ય માણસને પણ લાભ થશે.



મુખ્યમંત્રી વિજય રૂપાણી જણાવ્યું કે, ગુજરાતમાં રજૂ કરવામાં આવેલી આ પોલિસી ભારતની પ્રથમ સોલાર પોલિસી છે. આ પોલિસીના મુખ્ય ત્રણ ફાયદા થશે. આ પોલિસીથી વીજળી ઉત્પાદન ખર્ચ ઓછો થશે. દુનિયામાં ગુજરાતની પ્રૉડક્ટ્સને સ્થાન મળશે અને નાના-મોટા ઉદ્યોગો ધમધમતા થવાથી રાજ્યમાં મોટાપાયે રોજગારી ઊભી થશે.

આ નવી સોલર પાવર પોલીસી આગામી પાંચ વર્ષ એટલે કે ૩૧-૧૨-૨૦૨૫ સુધી કાર્યરત રહેશે. જેમાં સ્થાપિત સોલર પ્રોજેક્ટ્સ માટેના લાભો ૨૫ વર્ષના પ્રોજેક્ટ સમયગાળા માટે મેળવી શકાશે.

જરુરીયાત મુજબ ક્ષમતાની મર્યાદા વિના સોલર પ્રોજેક્ટ્સ સ્થાપિત કરી શકે છે. જ્યારે હાલના મંજૂર થયેલ લોડ કે કરાર માંગની ૫૦%ની મર્યાદા દૂર કરવામાં આવી છે. ગ્રાહકો તેમની છત કે જગ્યા પર સોલર પ્રોજેક્ટ્સ સ્થાપી શકે છે અથવા તેમની છત કે જગ્યાનાં પરિસરને વીજ ઉત્પાદન અને વીજ વપરાશ માટે તૃતીય પક્ષને લીઝ પર પણ આપી શકશે. પ્રોજેક્ટ ડેવલોપર દ્વારા વીજ વિતરણ કંપનીને ચૂકવવાની થતી સિક્યોરિટી ડિપોઝિટની રકમને પ્રતિ મેગાવોટ રૂ. ૨૫ લાખથી ઘટાડીને હવે પ્રતિ મેગાવોટ રૂ. રૂ. ૫ લાખ કરવામાં આવી છે. કેપ્ટિવ ઉપયોગ કરતાં ગ્રાહકો માટે તેમના વપરાશ બાદ થયેલ વધારાની ઉર્જા ડિસ્કોમ દ્વારા પ્રતિ યુનિટ દીઠ રૂ. ૨.૨૫ પ્રમાણેના દરથી પ્રથમ પાંચ વર્ષ માટે ચૂકવશે. આ નીતિ અંતર્ગત સોલાર પ્રોજેક્ટ સ્થાપતા ગ્રાહકોને જે અંદાજિત ફાયદો થશે એમાં રહેણાંક ગ્રાહકોને રૂપિયા ૧.૭૭-૩.૭૮ પ્રતિ યુનિટ, ઔદ્યોગિક અને વાણિજ્યિક ગ્રાહકો (કેપ્ટિવ) રૂપિયા ૨.૯૨ – ૪.૩૧ પ્રતિ યુનિટ, ઔદ્યોગિક અને વાણિજ્યિક ગ્રાહકો (થર્ડ પાર્ટી સોલાર પ્રોજેક્ટમાંથી ખરીદી) રૂપિયા ૦.૯૧- ૨.૩૦ પ્રતિ યુનિટ જેટલો ફાયદો થશે.

# રાજ્યમાં કોરોના વાયરસના કેસોમાં ઘટાડો : ૮૦૪ કેસ

## રાજ્યમાં કોરોનાથી કુલ ૭ લોકોનાં મૃત્યુ થયા : અત્યાર સુધીમાં કુલ ૯૫૪૩૪૦૦ ટેસ્ટ કરવામાં આવ્યા તેમજ ૨૨૯૧૪૩ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા

ગાંધીનગર,તા. ૨૯

રાજ્યમાં કોરોનાની સ્થિતી દિવસેને દિવસે ગંભીર થતી જાય છે. ધીરે ધીરે હવે કોરોનાનો આંકડો ૧૪૦૦ ને પાર પહોંચ્યો હતો. જો કે હવે ધીરે ધીરે કોરોના કાબુમાં આવી રહ્યો હોય તે પ્રકારે આંકડા ઘટી રહ્યા હતા અને એક સમયે કેસ ૧૦૦૦ની નીચે જતા રહ્યા હતા. જો કે દિવાળી સમયે અચાનક કેસોની સંખ્યામાં ઉછાળો જોવા મળ્યો હતો.

રાત્રી કર્ફ્યૂ બાદ સ્થિતી ધીરે ધીરે થાળે પડી રહી હોય તેમ આંકડા ધીરે ધીરે ઘટવા લાગ્યા છે. લાંબા સમય બાદ સતત કોરોનાના કેસનો આંકડો ૧૦૦૦ની નીચે આવ્યો છે. આજે રાજ્યમાં નવા ૮૦૪ કોરોના દર્દી નોંધાયા હતા. રાજ્યમાં ૯૯૯ નવા દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. અત્યાર સુધીમાં કુલ ૨૨૯૧૪૩ દર્દીઓ સાજા થઇ ચુક્યા છે. રાજ્યમાં દર્દીઓના સાજા થવાનો દર ૯૪.૧૨ ટકા થઈ ચુક્યો છે. રાજ્યમાં ટેસ્ટની સંખ્યામાં પણ દિન પ્રતિદિન વધારો કરવામાં આવી રહ્યો હોવાના દાવા સરકાર કરી રહી છે. આજે રાજ્યમાં કુલ ૫૩૩૮૯ ટેસ્ટ કરવામાં આવ્યા હતા.

જે રાજ્યની વસ્તી અનુસાર પ્રતિ દિવસ ૮૨૧.૩૭ પ્રતિ મીલીયન થાય છે. રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૯૫૪૩૪૦૦ ટેસ્ટ કરવામાં આવ્યા છે. રાજ્યમાં જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૫૨૦૪૫૩ વ્યક્તિને ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જે પૈકી ૫૨૦૩૪૦ વ્યક્તિઓને હોમ ક્વોરન્ટાઇન કરવામાં આવ્યા છે. જ્યારે ૧૧૩ વ્યક્તિઓને ફેસીલીટી ક્વોરન્ટાઇન રાખવામાં આવ્યા હોવાની માહિતી પ્રાપ્ત થઈ રહી છે. જો એક્ટિવ દર્દીઓની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૧૦૦૨૧ એક્ટિવ કેસ છે. વેન્ટિલેટર પર ૬૩ છે.

જ્યારે ૯૯૫૮ લોકો સ્ટેબલ છે. ૨,૨૯૧૪૩ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં કુલ ૪૨૯૫ લોકોનાં મોત નિપજ્યા છે. આજે ૭ લોકોનાં મોત નિપજ્યાં છે. જે પૈકી અમદાવાદ કોર્પોરેશનના ૩, બનાસકાંઠા ૧, બોટાદ ૧, સુરત ૧ અને સુરત કોર્પોરેશનનાં ૧ દર્દી સહિત કુલ ૬ દર્દીઓનાં કોરોનાને કારણે મોત નિપજ્યાં છે.

# રાજ્યમાં હાડ થીજાવતી ઠંડી, ૧૨ શહેરોમાં પારો ૧૦થી નીચે

## કાતિલ ઠંડીઃ ડીસામાં ૧૦ વર્ષનો રેકોર્ડ તૂટ્યો, આબુમાં માઇનસ ૪. ડિગ્રી તાપમાન

ગાંધીનગર,તા.૨૯

ગુજરાતમાં ઉત્તર તરફના પવન ફૂંકાય રહ્યા છે. ઠંડા પવન ફૂંકાતા લઘુતમ તાપમાન ઘટ્યું છે, જેના પગલે હાલ હાડ થીજવતી ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે. હવામાન વિભાગના ડાયરેક્ટર ડૉક્ટર જયંત સરકારે જણાવ્યું છે કે, આગામી ૪૮ કલાક ઠંડીનું પ્રમાણ યથાવત રહશે. કચ્છ, અમદાવાદ, બનાસકાંઠા, સાબરકાંઠા, ગાંધીનગર, વડોદરા, રાજકોટ, ભાવનગર અને જૂનાગઢ જિલ્લામાં શીત લહેર ફરી વળશે. આગાહી પ્રમાણે રાજ્યમાં ઠંડીનું જોર વધતા જન-જીવન પ્રભાવિત થયું છે. બીજી તરફ રાજસ્થાનના હિલ સ્ટેશન માઉન્ટ આબુમાં પણ હાડ થીજવતી ઠંડી પડી રહી છે. ઉત્તર ભારતમાં હિમવર્ષાને પગલે માઉન્ટ આબુનું તાપમાન માઈનસ ૪.૦૫ ડિગ્રી નોંધાતા સહેલાણીઓ અને સ્થાનિક લોકો પણ ઠંડીમાં ઠુંઠવાયા હતા.



રાજ્યમાં ઠંડા પવન ફૂંકાતા લઘુતમ તાપમાનનો પારો ગગડ્યો છે. ડીસાનું લઘુતમ તાપમાન ૬.૬ ડીગ્રી નોંધાયું છે. આજે ડીસામાં ઠંડીએ છેલ્લા ૧૦ વર્ષનો રેકોર્ડ તોડી નાખ્યો છે. ડીસામાં છેલ્લા ૧૦ વર્ષમાં ૬.૬ ડીગ્રીથી નીચું તાપમાન નોંધાયું નથી. ડીસામાં સૌથી વધુ ઠંડી ૧૯૮૬ના વર્ષમાં અનુભવાય હતી. ૧૪ ડિસેમ્બર, ૧૯૮૬ના રોજ અહીં ૨.૨ ડીગ્રી લઘુતમ તાપમાન નોંધાયું હતું. જે ઓલ ટાઈમ રેકોર્ડ બની ગયો છે.

બીજી તરફ રાજ્યમાં ઠંડીનું જોર વધતા નલિયા શહેરમં સૌથી ઓછું તાપમાન નોંધાયું છે. નલિયાનું લઘુતમ તાપમાન ૨.૭ ડીગ્રી નોંધાયું છે. અમદાવાદ શહેરનું લઘુતમ તાપમાન ઘટીને ૧૦.૨ ડીગ્રીએ પહોંચ્યું છે. ડીસાનું લઘુતમ તાપમાન ૬.૬ ડીગ્રી, વડોદરાનું લઘુતમ તાપમાન ૧૦ ડીગ્રી, કેશોદનું તાપમાન ૬.૨ ડીગ્રી, ભુજનું લઘુતમ તાપમાન ૯ ડીગ્રી તો ગાંધીનગરનું લઘુતમ તાપમાન ૭.૫ ડીગ્રી નોંધાયું છે.

આ સાથે અન્ય શહેરોનું તાપમાનમાં પણ ઘટાડો નોંધાયો છે. હાલ લોકો કડકડતી ઠંડીનો અહેસાસ કરી રહ્યા છે. હવામાન વિભાગના કહેવા પ્રમાણે આગામી બે દિવસ ઠંડીનું પ્રમાણ યથાવત રહશે. ૩૧ ડિસેમ્બરથી ઠંડીમાં થોડો ઘટાડો નોંધાશે.

કાશ્મીરમાં છેલ્લા ત્રણ દિવસથી ભારે હિમવર્ષા થઈ રહી છે. જેની સીધી અસર ગુજરાત અને રાજસ્થાનમાં પણ જોવા મળે છે. રાજસ્થાનના હિલ સ્ટેશન માઉન્ટ આબુમા તાપમાનનો પારો ગગડી ગયો છે. આજે આબુમાં માઈનસ ૪ ડિગ્રી તાપમાન નોંધાયું છે. આબુમાં શીત લહેર પ્રસરી જતા સહેલાણીઓ પણ ગરમ કપડાં લપેટાઈ ગયા હતા. ખાસ કરીને થર્ટી ફર્સ્ટની ઉજવણી માટે ગુજરાતમાંથી પણ અનેક લોકો માઉન્ટ આબુ જતા હોય છે. એવામાં આ વખતે રેકોર્ડબ્રેક ઠંડી નોંધાતા સહેલાણીઓને પણ ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

### રાજ્યમાં ક્યાં કેટલુ તાપમાન

| શહેરનું નામ | લઘુત્તમ તાપમાન |
|---|---|
| નલીયા | ૨.૭ |
| કેશોદ | ૬.૨ |
| ડીસા | ૬.૬ |
| ગાંધીનગર | ૭.૫ |
| કંડલા(એરપોર્ટ) | ૭.૫ |
| પોરબંદર | ૭.૮ |
| રાજકોટ | ૮.૩ |
| મહુવા | ૮.૩ |
| ભૂજ | ૯.૦ |
| વલ્લભવિદ્યાનગર | ૯.૧ |
| ન્યુ કંડલા | ૯.૫ |
| દીવ | ૯.૮ |
| વડોદરા | ૧૦.૦ |
| અમદાવાદ | ૧૦.૨ |
| અમરેલી | ૧૦.૨ |
| સુરેન્દ્રનગર | ૧૦.૫ |
| ભાવનગર | ૧૦.૯ |
| વેરાવળ | ૧૧.૭ |
| સુરત | ૧૨.૪ |
| દ્વારકા | ૧૩.૫ |
| ઓખા | ૧૫.૩ |
| વલસાડ | ૧૭.૦ |

સત્યમેવ જયતે
ક્લાઇમેટ ચેન્જ વિભાગ
ગુજરાત સરકાર



બેટરી સંચાલિત વાહન અપનાવીએ,

પેટ્રોલ બચાવીએ તથા પર્યાવરણનું જતન કરીએ.

બેટરી સંચાલિત ત્રિ ચક્રી વાહન યોજના વર્ષ ૨૦૨૦-૨૧
યોજનાનો લાભ મેળવવા શું કરશો?

| | |
|---|---|
| કોણ અરજી કરી શકે? | વ્યક્તિગત તથા સંસ્થાકીય અરજદારો |
| અરજીપત્રક ક્યાંથી ઉપલબ્ધ થશે? | જેડા દ્વારા અધિકૃત ઉત્પાદકોના ડીલર્સ તથા જેડાની વેબસાઇટ geda.gujarat.gov.in |
| અરજી સાથે શું વિગતો આપવાની થાય છે? | અ. વ્યક્તિગત અરજદાર • આધારકાર્ડની સ્વપ્રમાણિત નકલ ત્રિ ચક્રી વાહન ચલાવવા માટેના ડ્રાઈવીંગ લાયસન્સની સ્વપ્રમાણિત નકલ • અનુસૂચિત જાતિ/ અનુસૂચિત જનજાતિ/ દિવ્યાંગ/ મહિલા સાહસિક/ સ્ટાર્ટઅપ સાહસિક/ ગરીબ/ અતિગરીબ/ બિન અનામત વર્ગનાં આર્થિક પછાત અંગેના સક્ષમ અધિકારીના પ્રમાણપત્રની સ્વપ્રમાણિત નકલ (લાગુ પડતું હોય તો) બ. સંસ્થાકીય અરજદાર • સંસ્થાની નોંધણીના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ • સંસ્થાના લાઇટબીલ/પ્રોપર્ટી ટેક્ષ બિલની સ્વપ્રમાણિત નકલ • સંસ્થાનો ત્રિચક્રી વાહન ખરીદવા અને વપરાશ કરવા અંગેનો ઠરાવ |
| અરજીપત્રક કોને જમા કરાવવાનું રહેશે? | અરજીપત્રક ઉત્પાદક તથા મોડેલની પસંદગી કરીને તારીખ **૧૫ માર્ચ, ૨૦૨૧** સુધીમાં પસંદ કરેલ ઉત્પાદક / ડીલર / જેડા કચેરીમાં જમા કરાવવાનાં રહેશે. |
| પ્રાથમિકતાના ધોરણો | વ્યક્તિગત - રિક્ષાચાલક/ મહિલા સાહસિક/ યુવા સ્ટાર્ટઅપ સાહસિક/ શિક્ષિત બેરોજગાર/ અનુસૂચિત જાતિ/ સામાજીક આર્થિક મોજણી અંતર્ગત જાહેર કરેલા ગરીબ/ અતિ ગરીબ/ અનુસૂચિત જનજાતિ/ દિવ્યાંગ/ બિનઅનામત વર્ગ આર્થિક પછાત સંસ્થાકીય - સહકારી મંડળીઓ/ યાત્રાધામો/ નફો ન કરતી સંસ્થાઓ/ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ/ શૈક્ષણિક સંસ્થાઓ |
| આ અંગે રાજ્ય સરકારની કેટલી સબસીડી મળવાપાત્ર છે? | રૂા. ૪૮,૦૦૦/- પ્રતિ વાહન |
| સબસીડીનો લાભ કઇ રીતે મળશે? | જેડા દ્વારા યોજનાની શરતો મુજબ પાત્રતા ધરાવતા લાભાર્થીના બેંક ખાતામાં વાહનની ખરીદી કર્યા પછી જમા કરાશે. વાહન **૧૫ માર્ચ,૨૦૨૧** સુધીમાં ખરીદવાનું રહેશે. |
| વાહનોના અધિકૃત ઉત્પાદક, મોડલ, મહત્તમ ભાવ, તથા તેમના ડીલર્સની માહિતી ક્યાંથી ઉપલબ્ધ થશે? | જેડાની વેબસાઇટ geda.gujarat.gov.in |
| સંપર્ક સૂત્ર | ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી (જેડા), ગાંધીનગર ફોન નં.: ૦૭૯-૨૩૨૫૭૨૫૧-૫૩ તથા માન્ય ઉત્પાદકો* |

માન્ય ઉત્પાદકો :
• ૧. મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા લી. – ૯૩૨૫૮૯૫૧૪૫ • ૨. અતુલ ઓટો લી. – ૯૭૧૪૮૧૮૯૦૦ • ૩. આર્યા ઓટો મોબાઇલ્સ – ૮૮૬૬૨૮૦૨૨૦
• ૪. વેક્રો ઓટોમોટીવ્સ – ૯૮૨૫૦૫૧૩૪૧ • ૫. વાહક ફ્યુચર – ૯૫૯૯૨૭૭૪૭૬ • ૬. વિક્ટરી ઇલેક્ટ્રીક – ૯૯૯૦૧૫૬૦૫૦
• ૭. એસકેએસ – ૯૯૯૧૫૫૬૬૫૪ • ૮. શિગન ઇવોલ્ટ – ૯૯૩૦૫૯૩૪૩૦ • ૯. ઝેસર મોટર્સ – ૯૯૨૫૨૪૪૨૨૪

બેટરી સંચાલિત વાહન અપનાવીએ અને શુદ્ધ હવા સાથે સસ્તી અને સુરક્ષિત સવારી કરીએ.
– શ્રી નીતિનભાઇ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

GEDA
ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી
GUJARAT ENERGY DEVELOPMENT AGENCY

ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી,
ચોથો માળ, બ્લોક નં. ૧૧-૧૨, ઉદ્યોગ ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર.
સંપર્ક : ફોન : ૦૭૯-૨૩૨૫૭૨૫૧, ૫૩ • ઈ-મેલ : director@geda.org.in
વેબ સાઈટ : www.geda.gujarat.gov.in




- ખેડૂતોના મહામૂલા પાકને રોઝ અને ભૂંડના ત્રાસથી બચાવવા માટે રાજ્ય સરકારનો મહત્વનો નિર્ણય
- ખેડૂતોની સતત માંગણીને ધ્યાનમાં રાખી રાજ્ય સરકારે યોજનાને બનાવી વધુ સરળ
- લઘુત્તમ વિસ્તાર ૧૦ હેકટરથી ઘટાડીને ૫ હેકટર કરવામાં આવ્યો
- પ્રતિ રનીંગ મીટર સહાય રૂ.૧૫૦/- થી વધારીને રૂ.૨૦૦/- ની કરવામાં આવી
- ખેડૂત / ખેડૂતો જૂથ બનાવી આ યોજનાનો લાભ લઈ શકશે

- i-khedut પોર્ટલથી સહાય માટે અરજી કરી શકાશે
- ખેડૂત દ્વારા થાંભલા ઉભા કર્યાની ચકાસણી કર્યા બાદ ૫૦% રકમ અને કાર્ય પૂર્ણ થયા બાદ ૫૦% રકમ સીધા ખેડૂતના ખાતામાં જમા થશે
- ખેડૂત કોઈપણ એજન્સી પાસે મંજૂર થયેલ ધારા ધોરણ પ્રમાણે થાંભલા અને કાંટાળી વાડ કરાવી શકશે
- આ યોજના માટે નોડલ એજન્સી તરીકે ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લી. તથા જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીનો સંપર્ક કરવો

તારની વાડ માટેના સ્પેસિફિકેશન્સ :

- થાંભલા ઉભા કરવા માટેના ખાડાનું માપ : ૦.૪૦ x ૦.૪૦ x ૦.૪૦ મીટર
- થાંભલાની સાઈઝ : (સિમેન્ટ કોંક્રિટના પ્રિટ્રેસ્ડ અને પ્રિકાસ્ટ થાંભલા, એપ્રુવ્ડ ક્વોલીટીના, ઓછામાં ઓછા ચાર તાર વાળા અને મિનિમમ ડાયામીટર ૩.૫૦ એમ. એમ.) ૨.૪૦ x ૦.૧૦ x ૦.૧૦ મીટર
- બે થાંભલા વચ્ચેનું ઓછામાં ઓછુ અંતર ૩ મીટર
- દર પંદર મીટરે સહાયક થાંભલા બંને બાજુ મુકવાના રહેશે તેનું માપ / સાઈઝ મૂળ થાંભલા મુજબ જ રહેશે
- થાંભલાના પાયામાં ૧ સિમેન્ટ : ૫ રેતી : ૧૦ કાળી કપચી મુજબ સિમેન્ટ કોંક્રિટથી પાયામાં પુરાણ કરવાનું રહેશે
- કાંટાળા તાર (Barbed Wire) માટેના લાઈન વાયર તથા પોઈન્ટ વાયરના મિનિમમ ડાયામીટર ૨.૫૦ એમ. એમ. વત્તા-ઓછાનું પ્રમાણ ૦.૦૮ એમ. એમ. રહેશે, કાંટાળા તાર આઈ.એસ.આઈ. માર્કાવાળા, ગેલ્વેનાઈઝડ, ડબલ વાયર અને જી.આઈ. કોટેડ હોવા જોઈએ

ગુજરાત સરકારે હંમેશા ખેડૂતોની ચિંતા કરી, ખેડૂતોના હિતોનું રક્ષણ કરતી યોજનાઓનું અમલીકરણ કર્યુ છે. જે રાજ્ય સરકારના સુશાસનની સાક્ષી પુરે છે..
- શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

વધુ માહિતી માટે https://ikhedut.gujarat.gov.in/
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, ગુજરાત સરકાર